

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*મજબૂત ઈચ્છાશક્તિની કિંમત અંકાઈ ગઈ!*
*યા-હોમ કરી કૂદવાની હિંમત પંકાઈ ગઈ!*
*ઢંકાઈ ગઈ તોડફોડની વૃત્તિ સત્કર્મ નીચે -*
*સુવર્ણ અક્ષરે એમની સુકીર્તિ ટંકાઈ ગઈ...*

### હાઈકુ

*લેવાશે નોંધ -*
*ઐક્ય-સ્ટ્રાઈકની -*
*ઈતિહાસમાં*

*'ખાસ દરજ્જો'*
*ઓસર્યું અભિમાન -*
*થયા સમાન*

### ચિંતન

**અવ્યાકરણમધોતં ભિન્નદ્રોણ્યા તરઙિંગણીતરણમ્ ।**
**ભેષજમપથ્યસહિતં ત્રયયદમકૃતં વરં ન કૃતમ્ ॥**

**ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.**

**બધાં શાસ્ત્રો ભણ્યા પરંતુ વ્યાકરણ ન ભણ્યા, તો તે ભણતર ભણ્યા છતાં નકામું, ભાંગેલી હોડીથી નદી પાર કરવા તૈયાર થવું, તેના કરતા નદી પાર ન કરવી તે વધારે સારું, દવા-ઔષધ કરો, પણ પરેજી પાળો નહીં તો તે દવા લેવી નકામી, એ રીતે ત્રણ બાબતો કરો તેનાં કરતાં ન કરો, તે વધારે સારું.**

**આજકાલ અંગ્રેજી મિડીયમમાં ભણતાં બાળકો શુદ્ધ અંગ્રેજી બોલે છે કે નહીં એની તો મને ખબર નથી પણ માતૃભાષાનું તો ખૂન કરે જ છે પોતાની અને સાંભળનારની જાતિ જ બદલાવી નાખે વસ્તુઓનાં લિંગની એમને ખબર નથી.**

**છિદ્રવાળી હોડીથી નદી પાર ન થાય.**

**દવાઓ સાથે પરેજી પાડવી જરૂરી છે, લોકો જીમ જાય અને બેફામ ખાય એનો શું અર્થ ?**

**વ્યક્તિ તો જો સમતોલપણ સાચવી રાખે તો જીમની જરૂર શું છે?**

### સુવિચાર

- માનવજાતનો સમગ્ર ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે જયારે જયારે શક્તિ પ્રકટ થઈ છે ત્યારે ત્યારે તે સામાન્ય પ્રજાવર્ગમાંથી જ ઉત્પન્ન થઈ છે - **વિવેકાનંદ**
- એ તો નિશ્ચિત જ છે કે કોઈ પણ કર્મ કરવું તો પડશે જ, તો અતિ ઉચ્ચ ઉદ્દેશ સાથે ઉત્તમ કાર્ય કરવું ઉચિત છે - **સંત રોબિન**
- એટલું નિશ્ચયપૂર્વક માની લેજો કે જયાં સુધી તમે આધ્યાત્મિક સત્યનો સાક્ષાત્કાર નથી કરતાં ત્યાં સુધી તમારા ધાર્મિક જીવનનો પ્રારંભ જ નથી થયો - **ધર્મલોક**
- સુંદરતા બહારની પરિભાષા પર નિર્ભર નથી, સુંદરતા ભીતરની અવસ્થા પર નિર્ભર હોય છે - **મોરારિ બાપુ**
- સરળતા અને સાધુતા જન્મજાત હોય છે ? - **એસ. ભટ્ટાચાર્ય**
- હૃદયનો ભાવ અમર્યાદ હોય છે, બુદ્ધિની સીમા હોય છે, હૃદયની નહીં - **બી.કે શિવાની**
- આજનું ઔષધ : આંબાની ગોટલીને પાણીમાં ઘસીને પેસ્ટ દાઝ્યા ઉપર લગાડવાથી તરત રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

કબીરને એક માણસે પૂછ્યું, 'મારે ગૃહસ્થ બનવું કે સન્યાસી ?' કબીરે ટૂંકમાં કહ્યું, 'જે પણ બનો આદર્શ બનો.' પેલા માણસે કહ્યું, 'મને જરા વિગતવાર સમજાવો.' કબીરે પત્નીને બોલાવી. એ વખતે બપોર હતી, છતાં કબીરે કહ્યું, 'મને દીવો પ્રગટાવી આપ, જેથી એના પ્રકાશમાં કપડા વણવાનું કામ સારી રીતે કરી શકું.' પત્નીએ કોઈ પણ જાતની દલીલ કર્યા વગર દીવો પ્રગટાવ્યો અને જતી રહી. એ પછી કબીરે પેલા જિજ્ઞાસુને સમજાવતાં કહ્યું, 'જો ગૃહસ્થ બનવું હોય તો પરસ્પર કાયમ એવો દઢ વિશ્વાસ રાખવો કે બીજાની ઈચ્છા એ જ આપણી ઈચ્છા.' હવે કબીર તે સવાલકર્તાને એક ટેકરી પર લઈ ગયા ત્યાં એક વૃદ્ધ સંત રહેતા હતા. કબીરે એમને પૂછ્યું, 'આપની ઉંમર કેટલી છે ?' સંતે કહ્યું 'એંસી વરસ' થોડીવાર અન્ય ચર્ચા કર્યા પછી કબીરે સંતને ફરી એમની ઉંમર પૂછી. સંતે હળવા સ્મિત સાથે કહ્યું, 'એંસી વર્ષ.' ટેકરી પરથી થોડે નીચે ઊતરી કબીરે ફરી સંતને બૂમ પાડી નીચે બોલાવ્યા અને ફરીથી એ જ ઉંમર વાળો પ્રશ્ન પૂછ્યો. સંતે હસતાં હસતાં ફરી પોતાની ઉંમર એંસી વર્ષ જણાવી અને ટેકરી પર પાછા ફર્યા. કબીરે પેલા સવાલકર્તાને સમજાવતા કહ્યું, 'જો સન્યાસી થવું હોય તો આ સંતની જેમ ધીરજવાન અને ક્ષમાવાન બનવું જોઈએ.'

# પાકિસ્તાનનું પ્રોત પ્રકાશ્યું

**તંત્રીસ્થાનેથી...**

જમ્મુ અને કાશ્મીર અંગેની ૩૭૦ કે ૩૫-એ કલમ એ ભારતની આંતરિક બાબત હતી. એને અપાયેલ વિશેષ દરજ્જો ખુદ કાશ્મીરના જ વિકાસમાં અડચણરૂપ બની રહેતો હતો અને પાકપ્રેરિત આતંકવાદી સંગઠનોને એનો ગેરલાભ ઉઠાવી કાશ્મીરની પ્રજાને સતત બાનમાં રાખી મૂકવાની તક મળતી હતી. આ પરિસ્થિતિનો ઊંડો અભ્યાસ કરી તજજ્ઞો અને લશ્કરના વડાઓની સલાહ તથા ખુદ કાશ્મીર ખીણની શાંતિપ્રિય પ્રજાની અંતરેચ્છા મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહપ્રધાન અમિત શાહે ૩૭૦મી કલમને રદ કરવાનો ઐતિહાસિક નિર્ણય કર્યો જેને ખુદ કોંગ્રેસના જયોતિરાદિત્ય સિંધિયા જેવા વરિષ્ઠ નેતાએ અને જનાર્દન દ્વિવેદી જેવા કોંગ્રેસની થિંક ટેન્કના વડાએ યોગ્ય ગણાવવો પડ્યો છે. પાકિસ્તાન માટે કાશ્મીર હંમેશને માટે ઊકળતો ચરુ રહે તે જરૂરી હતું. ત્યાં શાસન કરનાર કોઈ પણ રાજદ્વારી નેતા હોય એ આર્મીની બંદૂકની અણીએ શાસન કરવા મજબૂર રહેતો આવ્યો છે. આર્મીને એમ લાગે કે વડાપ્રધાન જરા વધુ પડતા તોરમાં આવી ગયા છે તો એ તરત જ કોઈ ને કોઈ બહાના હેઠળ એને બદનામ કરતું રહ્યું છે. ઝુલ્ફીકાર અલી ભુટ્ટો જેવા કાર્યદક્ષ વડાપ્રધાનને તો પદભ્રષ્ટ કરીને ફાંસીને માંચડે ચડાવી દેવાયા હતા. બેનઝીર ભુટ્ટોની જાહેરમાં બેરહેમી પૂર્વક લેસર બોમ્બથી કતલ થઈ હતી. નવાજ શરીફને હાંકી કાઢીને જનરલ મુશર્રફ ચઢી બેઠા હતા અને એ જ મુશર્રફ પણ અત્યારે દેશવટો ભોગવી રહ્યા છે. આર્મીની ઈચ્છા મુજબ જ દેશ ચાલતો હોય ત્યાં સમાધાનકારી વલણને અવકાશ જ ન રહે તે સમજી શકાય એવી બાબત છે. ક્રિકેટરમાંથી રાજકારણી બનેલા વર્તમાન વડાપ્રધાન ઈમરાન ખાન પણ આર્મીના સકંજામાં ફસાયેલા છે. એટલે તેઓ કાશ્મીર પ્રશ્ને અમેરિકાની મધ્યસ્થી માટે વલખાં મારે છે. અમેરિકા મધ્યસ્થી કરે તો કદાચ વિવાદાસ્પદ ગણાતો પાક અધિકૃત કાશ્મીરનો હવાલો પાકિસ્તાનને સોંપવાની દરખાસ્ત આવે અને હાલની લાઈન ઑફ કંટ્રોલ એ કાયમી વિભાજનરેખાની માન્યતા મેળવે. પરંતુ દેશભક્ત મોદી અને શાહને આવી દરખાસ્ત કયારેય મંજૂર ન જ હોય. અમિત શાહે તો કાશ્મીરની વાત કરતી વખતે એમાં 'પીઓકે' નો સમાવેશ થઈ જ જાય છે એવી ખોંખારીને વાત કરી છે. ભારતીય સેનાનું હવે પછીનું બીજું પગલું પીઓકે કબજે કરવાનું જ હશે એ વાત ખુદ પાકિસ્તાન સમજી ચૂક્યું છે એટલે એ કાગારોળ કરી આંતરરાષ્ટ્રીય અદાલતમાં ગુહાર લગાવવા કૃતસંકલ્પ છે. ભારત સાથેના તમામ સંબંધો એણે કાપી નાખ્યા છે. ભારતીય હાઈ કમિશનરને એણે કાઢી મૂક્યા છે અને ભારત સાથેના વ્યાપારિક સંબંધો બંધ કરી દીધા છે. 'મોસ્ટ ફેવર્ડ નેશન' તરીકેનો પાકિસ્તાનને આપેલ દરજ્જો તો ભારતે કયારનોય પાછો ખેંચી લીધો છે. થોડા જ વખત અગાઉ પાકિસ્તાને ભારત માટે એની ઍરસ્પેસ ખોલી હતી તે પણ ફરીથી બંધ થતાં હવે પાકિસ્તાન પાક્કી દુશ્મનાવટની જ પ્રતીતિ કરાવી રહ્યું છે. હવે પછીની કથા જરૂર વધુ રોમાંચક હશે પરંતુ સાથે જ નિર્ણાયક પણ હશે !

# ભાઈ-બહેનની જોડ....!



**અમર વારસો**

ડૉ. રશ્મિકાન્ત મહેતા

અંતે સમુદ્રમાં મંથન શરૂ થયું. કાચબાની પીઠ ઉપર દર પર્વત હતો, એ રવૈયો હતો. એને ફરતે વાસુકિ નાગ હતો, એ નેતરું હતો, દોરડું હતો. એને મુખને ભાગે દાનવો હતા, પૂંછ ને ભાગે દેવો હતા. એમાંથી અમૃત નીકળે, એમાં બંનેને રસ હતો.

સમુદ્ર વલોવવા લાગ્યો. એમાંથી ક્રમશ : ચૌદ રત્નો નીકળ્યા - રત્ન જેવી મૂલ્યવાન બાબતો. આમાં આઠમાં ક્રમે લક્ષ્મીજી નીકળ્યા. એમણે સ્વયં વરણથી - પોતાની ઈચ્છાથી ભગવાન વિષ્ણુને પતિ તરીકે પસંદકર્યા. આ રીતે એ 'સમુદ્રતનયા' બન્યા.

ચૌદમે ક્રમે ભગવાન ધન્વન્તરિ પ્રગટ્યા. એમના જમણા હાથમાં અમૃતનો કુંભ હતો. તરત જ દાનવો એ ઝપટ મારી. કુંભ આંચકી લીધો અને નાસી ગયા, પરંતુ કોણ પહેલાં પીવે એ બાબતમાં ઝઘડવા લાગ્યા. એવામાં ઓચિંતી કોઈક મનમોહક સુંદર યુવતી પ્રગટ થઈ. દાનવો એનાથી પ્રભાવિત થયા. એમણે એને વિનંતી કરી, 'અમને તમે અમૃત પીરસો' મોહિનીએ આ વિનંતી સ્વીકારી.

એમણે દાનવોને આદેશ કર્યો - 'આ દૈવી બક્ષિસ છે. તમે બધા સ્નાન કરીને, દેહશુદ્ધિ કરીને આવો.' તેઓ ગયા, કે તરત જ મોહિનીએ દેવોને અમૃત પીરસી દીધું. પરંતુ રાહુને શંકા ગયેલી. એ દેવોની પંગતમાં બેસી ગયો. તેની બંને બાજુ સૂર્ય અને ચંદ્ર હતા. મોહિની ખરેખર વિષ્ણુ હતા. એમણે મોહિતીને ઈશારો કર્યો. રાહુના મુખમાં અમૃત ગયું. કે તરત જ સુદર્શન ચક્ર ફરતું આવ્યું. એણે રાહુનો શિરચ્છેદ કરી નાખ્યો. અમૃત મુખથી નીચે ગયું ન હતું.

કોઈ એક વાર ઈન્દ્રે અજાણતાં, ભગવાન શંકરનું અપમાન કરી નાખ્યું. શંકરને ક્રોધ થયો. એમના ત્રીજા નેત્રમાંથી અગ્નિ પ્રગ્ટયો. દેવોના ગુરુ બૃહસ્પતિએ ઈન્દ્ર વતી માફી માગી. શિવજીએ માફી આપી. પરંતુ આ તેજ એમણે સમુદ્રમાં ફેંકયું. તરત જ જળમાંથી એક બાળક પ્રગ્ટયો. બ્રહ્માએ તેને આશીર્વાદ આપ્યા. 'આ જલંધર છે. આ મહાપરાક્રમી બાળક દાનવોનો સમ્રાટ થયો.'

આશીર્વાદ ફળ્યા - યુવાનીમાં એ દાનવ સમ્રાટ થયો. એણે ઈન્દ્રને સંદેશો મોકલ્યો. 'ચૌદ રત્નો મને આપી દે.' ઈન્દ્રે ના પાડી, એટલે સીધું આક્રમણ કર્યું. દેવોને પરાજિત કર્યા. દેવો ભગવાન વિષ્ણુને શરણે ગયા.

વિષ્ણુ દેવોની સહાયમાં યુદ્ધ માટે તૈયાર થયા. લક્ષ્મીજીએ તેને એકાન્તમાં કહ્યું, 'સમુદ્રમાંથી પ્રગટેલો છે. આ જલંધર મારો ભાઈ છે. તમે યુદ્ધ ભલે કરો; પરંતુ એને મારી ન નાખતા.' વિષ્ણુએ આશ્વાસન આપ્યું. 'એ રુદ્રનો અંશ છે. એને બીજા કોઈ મારી ન શકે.'

યુદ્ધ શરૂ થયું. જલંધર અને વિષ્ણુજી સામસામે હતા. આ દ્વંદ્વ યુદ્ધ પણ આશ્ચર્યકારક હતું. ભગવાને એને છાતીમાં ગદા પ્રહાર કર્યો, તો જલંદરે હસતાં હસતાં સ્વીકારી લીધો. ઘાયલ તો વિષ્ણુ પણ થયા હતા.

જલંધરની યુદ્ધ વિદ્યા, શસ્ત્રપ્રયોગ, પરાક્રમ અને સાહસથી વિષ્ણુ પ્રસન્ન થયા. એમે કહ્યું, 'તારાથી પ્રસન્ન છું. વરદાન માગી લે.' જલંધરે પ્રણામ કરીને વિનંતી કરી. 'લક્ષ્મી મારી બહેન છે. તમે એને લઈને મારે ઘરે પધારો. મારી સાથે રહો. મારા આતિથઅયનો પ્રેમથી સ્વીકાર કરો.'

બંને જલંધરને ઘરે પધાર્યા. આનંદમંગળ છવાઈ ગયો. ભાઈબહેન - જલંધર અને લક્ષ્મી - ખૂબ પ્રસન્ન.

# ચંદ્રને પૃથ્વીની પ્રદક્ષિણા કરતાં કેટલો સમય લાગે છે ?

## વિજ્ઞાન જગત



**ખજાનો**

અનિલ પટેલ

૧ ભૂગોળ માટેનો અંગ્રેજી શબ્દ જિઓગ્રાફી કઈ ભાષામાંથી ઉતરી આવ્યો છે ?
(અ) રોમન (બ) ગ્રીક
(ક) બ્રિટીશ (ડ) અરબી

૨ હિકટેરીયસ કયા ક્ષેત્રના પિતામહ તરીકે ઓળખાય છે ?
(અ) ખગોળ (બ) રસાયણશાસ્ત્ર
(ક) ભૂગોળ (ડ) ભૌતિકશાસ્ત્ર

૩ પૃથ્વીની ત્રિજ્યા સૌ પ્રથમ કોણે માપી હતી ?
(અ) ઈરેસ્ટોથીનીઝ (બ) મેગેલીન
(ક) ગેલેલીયો (ડ) આર્યભટ્ટ

૪ ચંદ્રને પૃથ્વીની પ્રદક્ષિણા કરતાં કેટલો સમય લાગે છે ?
(અ) ૨૮ દિવસ (બ) ૨૯ દિવસ
(ક) ૩૦ દિવસ (ડ) ૨૭ દિવસ ૮ કલાક

૫ પૃથ્વીના ગોળા પર ઉત્તરથી દક્ષિણ તરફ દોરેલી રેખાઓને શું કહે છે ?
(અ) અક્ષાંશ (બ) રેખાંશ
(ક) કર્કવૃત્ત (ડ) મકરવૃત્ત

૬ પૃથ્વીના મધ્યભાગમાંથી પસાર થતા વિષુવવૃત્તની લંબાઈ કેટલી છે ?
(અ) ૧૨,૮૦૦ કિ.મી. (બ) ૩૬,૦૦૦ કિ.મી
(ક) ૪૦,૦૭૫ કિ.મી. (ડ) ૧૨૬૦૦ કિ.મી.

૭ આંતરરાષ્ટ્રીય દિનાંક રેખા એટલે કઈ રેખા ?
(અ) ૦ રેખાંશ (બ) ૯૦ રેખાંશ
(ક) ૧૮૦ રેખાંશ (ડ) ૨૭૦ રેખાંશ

૮ આંતરરાષ્ટ્રીય દિનાંક રેખા નીચેનામાંથી કયા સાગરમાં પસાર થતી નથી ?
(અ) આર્કિટેક સાગર (બ) બેરિંગ સાગર
(ક) પેસિફિક સાગર (ડ) કાળો સમુદ્ર

૯ ચંદ્રનો વ્યાસ કેટલો છે?
(અ) ૩૨૦૦ કિ.મી. (બ) ૩૪૭૬ કિ.મી.
(ક) ૪૨૦૦ કિ.મી. (ડ) ૪૪૭૬ કિ.મી.

૧૦ બે રેખાંશ વચ્ચે ઘડિયાળના સમયમાં કેટલી મિનિટનો તફાવત પડે છે?
(અ) ૨ મિનિટ (બ) ૩ મિનિટ
(ક) ૪ મિનિટ (ડ) ૫ મિનિટ

૧૧ ગ્રીનીચ રેખા તરીકે ઓળકાતું ગ્રીનીચ કેટલા રેખાંશ પર આવેલું છે ?
(અ) શૂન્ય રેખાંશ (બ) ૪૫ રેખાંશ
(ક) ૬૦ રેખાંશ (ડ) ૧૮૦ રેખાંશ

૧૨ દક્ષિણ ધ્રુવમાં સૌથી લાંબો દિવસ કયારે હોય છે ?
(અ) ૨૩ માર્ચ (બ) ૨૧ જૂન
(ક) ૨૧ સપ્ટેમ્બર (ડ) ૨૨ ડિસેમ્બર

૧૩ કોઈ પણ ગ્રહની ફરતે ફરનાર અવકાશીય પીંડને શું કહે છે ?
(અ) ધૂમકેતુ (બ) ઉપગ્રહ
(ક) ઉલ્કા (ડ) ગેલેક્ષી

૧૪ પૃથ્વીની ભ્રમણગતિ કેટલી છે ?
(અ) ૨૮ કિ.મી./મિનિટ (બ) ૩૦ કિ.મી./મિનિટ
(ક) ૪૫ કિ.મી./મિનિટ (ડ) ૬૦ કિ.મી./મિનિટ

૧૫ કયો ખગોળીય પીંડ રાતની રાણી કહેવાય છે ?
(અ) તારાઓ (બ) ચંદ્ર
(ક) શુક્ર ગ્રહ (ડ) ગુરુગ્રહ

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૯ ઓગસ્ટ : વિશ્વ આદિવાસી દિવસ / ભારત છોડો આંદોલન દિન/ નાગાસાકી દિવસ**
  - ભારતમાં લાઈબ્રેરી યુગનું નિર્માણ કરનાર ડૉ. શિયાલી રામામૃત રંગનાથનનો જન્મદિવસ (૧૮૯૨)
  - ગુજરાતના ત્રીજા પૂર્વ મુખ્યમંત્રી હિતેન્દ્ર દેસાઈનો જન્મદિવસ (૧૯૧૫)
  - 'રામચરિત માનસ' ના રચિયતા સંત કવિ તુલસીદાસની પુણ્યતિથિ (૧૬૨૪)
  - ઈટાલીમાં પિઝાના ટાવરનું બાંધકામ શરૂ થયું (૧૧૩૩)
- **૧૦ ઓગસ્ટ :**
  - ભારતના ચોથા રાષ્ટ્રપતિ વરાહગીરી વેન્કટગીરી (વી.વી. ગીરી) નો જન્મદિવસ (૧૮૯૪)
  - જાણીતા સાહિત્યકાર સુરેશ દલાલની પુણ્યતિથિ (૨૦૧૨)
  - ઉત્તર ગુજરાતના જાણીતા સાહિત્યકાર પીતાંબર પટેલની જન્મજયંતિ (૧૯૧૮)
  - ગાંધી યુદના કવિ, વિવેચક સુંદરજી ગોકળદાસ બેટાઈનો જન્મદિવસ (૧૯૦૫)
- **૧૧થી ઓગસ્ટ :**
  - ક્રાંતિકારી ચળવળના પુરસ્કર્તા ખુદીરામ બોઝનું નિધન (૧૯૦૮)
  - ૧૯૮૩ની વર્લ્ડકપ ચેમ્પિયન ટીમના સભ્ય અને પૂર્વ એમ્પાયર યશપાલન શર્મનો જન્મદિવસ (૧૯૫૪)
  - નાટોએ અફઘાનિસ્તાનમાં સેનાની કમાન સંભાળી (૨૦૦૩)
  - પોર્ટુગીઝના કબજામાંથી ભારતે દાદરા નગર અને નગર હવેલીને કેન્દ્રશાસિત પ્રદેશ જાહેર કર્યા. (૧૯૬૧)
- **૧૨મી ઓગસ્ટ : (આંતરરાષ્ટ્રીય યુવા દિવસ)**
  - રેલવે એન્જીનના શોધક સ્ટીફન્સનું નિધન (૧૮૪૮)
  - રણજીતરામ સુવર્ણચંદ્રક વિજેતા સાહિત્યકાર ચુનિલાલ મડિયાનો જન્મદિવસ (૧૮૯૨)
  - ભારતના પ્રથમ અણુવૈજ્ઞાનિક અને ગુજરાતના પનોતા પુત્ર વિશ્વ વિખ્યાત ડૉ. વિક્રમ સારાભાઈની જન્મજયંતિ (૧૯૧૯)
- **૧૩ ઓગસ્ટ : વર્લ્ડ ઓર્ગેનાઈઝેશન ડોનેશન ડે / ઈન્ટરનેશનલ લેફ્ટ હેન્ડર ડે**
  - ભારતના ક્રાંતિકારી વીરાંગના માદામ ભીખાઈજી કામાનું નિધન (૧૯૩૬)
  - બ્રિટીશ સાંસદમાં ઈન્ડિયા એક્ટને મંજુરી (૧૭૮૪)
  - ભારતમાં નિર્મિત પ્રથમ વિમાન હિન્દુસ્તાન ટ્રેનર-૨ એ ઉડ્ડયન ઊભું કર્યું (૧૯૫૧)
  - એલેકઝાંન્ડર ફલેમીંગની જન્મજયંતિ (૧૮૦૯)
- **૧૪ ઓગસ્ટ : પાકિસ્તાનનો સ્વતંત્રતા દિવસ**
  - સફળ નવલકથાકાર યશોધર મહેતાનો જન્મદિવસ (૧૯૦૯)
  - સમાચારપત્ર વ્યવસાયને ઉદ્યોગનું સ્વરુપ આપનાર વિલિયમ રેડોલ્ફ હર્સ્ટનું નિધન (૧૯૫૧)
  - બોમ્બે હાઈકોર્ટનું ઉદ્‌ઘાટન થયું (૧૯૬૨)
  - અખંડ ભારતના ભારત અને પાકિસ્તાન બે ટુકડા થયા (૧૯૪૭)
- **૧૫ ઓગસ્ટ : ભારતનો સ્વતંત્રતા દિવસ**
  - પ્રખર રાષ્ટ્રવાદી 'યુગપુરુષ' અતિમનસના યોગી મહર્ષિ અરવિંદ ઘોષની જન્મજયંતિ (૧૮૭૨)
  - ગાંધીજીના અંગત સચિવ મહાદેવ દેસાઈનું અવસાન (૧૯૪૨)
  - બ્રિટનના વૉલ્ટર સ્કોટની જન્મજયંતિ (૧૭૭૧)
  - કાર્ટૂનિસ્ટ પ્રાણકુમાર શર્માનો જન્મદિવસ (૧૯૩૮)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**ઈસરો દ્વારા મંગળયાન કયારે છોડવામાં આવ્યું હતું?**
**જવાબ : ૫ નવેમ્બર, ૨૦૧૩**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો જુ. સાયન્સ કૉલેજ (૪) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૫) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૬) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૭) રૂચિત એ.પટેલ : ધોળેશ્વર પાસે

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**ભારત આઝાદ થયું ત્યારે કાશ્મીરના રાજા કોણ હતા?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# 'શ્રાવણ' કા મહિના...
# ... ભક્તજનો મચાયે શોર !!



**હળવે હૈયે**

પ્રકાશ લાલા

'પૂર આવ્યું છે, ભાઈ, ભૂર'

'હા, અંકલ.... દેશ અને ગુજરાતના જેજે ભાગોમાં વરસાદે વધારે પડતી મહેરબાની કરી છે ત્યાં નદીઓમાં પૂર આવ્યા જ છે. નદીઓ અને તળાવો છલકાઈ ઊઠતાં એના પાણી ગામડાં-શહેરોમાં ઘૂસ્યા ને ત્યાં પણ પૂર જેવી દશા થઈ ગયાના ન્યૂઝ ટી.વી. પર જોવા મળે છે.'

'અલ્યા પનુભાઈ, એ પૂરની વાત હું નથી કરતો...' લાલાકાકાએ કહ્યું.

'તો ?'

'આ શ્રાવણ માસમાં ભક્તિનું પૂર ઉમટ્યું છે ને તેની વાત છે !!' રેડ અંકલે વાતનો ફોડ પાડ્યો : 'પનુભાઈ, એક તરફ તમે કહ્યું એવું પાણીનું પૂર છે અને બીજી બાજુ પવિત્ર શ્રાવણ મહિનો શરૂ થતાં શ્રધ્ધાળુઓમાં ભોલેનાથને ભજવાનું ભક્તિનું પૂર આવ્યાના પણ સમાચાર - છાપાંને ટી.વી.માં ચમકયા માંડ્યા છે.'

'હા, હોં અંકલ.... તમારી વાત સાચી છે... આડે દહાડે મંદિરમાં મહાદેવમાં ન ડોકાતા લોકો પણ શ્રાવણ માસમાં શિવાલયમાં શંકર ભગવાનના દર્શન કરવા જતા જોવા મળે છે...'

'હા... પુણ્ય કમાવવામાં પોતે રહી ન જાય અને શંકરદાદાના કૃપાપાત્રના લિસ્ટમાં પોતાનું નામ લખાઈ જાય તે માટે સૌ આ ભક્તિપૂરમાં તણાય છે. મજાની વાત તો એ છે કે શ્રાવણ માસમાં પણ અન્ય દિવસોએ મહાદેવ ન જનારા 'શ્રાવણીયા સોમવારે' તો ઉપવાસ કરવાના અચૂક શિવાલયમાં જવાના જ.... એને 'ભક્તિનું પૂર' નહીં 'ભક્તિભાવનું ઘોડાપૂર' જ કહેવું પડે ને!!

'યસ અંકલ...' શ્રાવણિયા સોમવારે

'' ભક્તિનું ઘોડાપૂર શિવમંદિરોને ઘમરોળી નાખતું હોય છે... ઘંટારવ, 'બમ બમ ભોલે', 'જય ભોલેનાથ', 'હર હર મહાદેવ' ની ગૂંજોથી મહાદેવલાયો ગાજી ઊઠે છે... 'શંકર તેવી જટા સે બહતી હૈ ગંગ ધારા...' જેવાં શિવશંકરનાં ભજનો કે 'ઓમ નમઃ શિવાય...'ની ધૂનની કેસેટ સતત ત્યાં વાગ્યા કરતી હોય છે...'

'હં ને પનુભાયી, સવારે કે આખો દિવસ શિવજીને માથું ટેકવવા ન આવી શકનારા સાંજે આરતી ટાણે કે રાત્રે મોડા મોડાય પહોંચી જતા હોય છે. ખરા.... એટલે આમ જુઓ તો બિચારા 'ભોળા ભંડારી' ને માટે તો શ્રાવણ મહિનો 'ઓવર ટાઈમ' કરવાનો મહિનો જ કહેવાય... 'અંકલે કોમેન્ટ કરી ને પાછું ચલાવ્યું.' 'જળ ને દૂધનો અભિષેક, બિલીપત્રો ને સતત ઘંટારવ ને 'હર હર મહાદેવ' ના નાદથી ભોળાનાથ અકળાતા તો ઘણું હશે પણ શું કરે, ભક્તોના ભાવને માન આપ્યા સિવાય !'

'અંકલ, શંકરદાદા અકળાઈને ત્રિશૂળ લઈ ખડા થઈ જાય ને કોપાયમાન બની તાંડવનૃત્ય કરવા માંડે એ પહેલાં જ ભક્તજનોએ સમજી ના જવું જોઈએ?'

'શું સમજી જવું જોઈએ ?'

'એ જ કે ભોળા શંભુને અભિષેક માટે જળનો વ્યય ન કરીએ, બિલીપત્રો માટે વૃક્ષોને બોડાં ન કરી નાખીએ, દૂધ મહાદેવજીને ચઢાવવાના બદલે ગરીબ - જરૂરિયાતવાલાં બાળકોને પહોંચાડીએ તો દેવોના દેવ મહાદેવ વધુ પ્રસન્ન થાય !'

અંકલને કદાચ આરી વાત આકરી લાગી કે જચી નહીં એટલે એમણે તરત જ કંઈ પ્રતિભાવ ન આપ્યો.. પછી બોલ્યા : 'ઠીક છે આ તો શ્રદ્ધાનો વિષય છે... સૌ સૌની આસ્થા ને ભક્તિ પ્રમાણે કરવાના... સાચું કહું, હવે તો છેક દિવાળી સુધી એક પછી એક દેવ-દેવીને ભજવાના મહિના આવશે... શ્રાવણ તો જાણે શઈવજીનો છે જ... ' ભાદરવામાં દુંદાળા ને સૂંઢાળા દેવ ગણપતિ બાપાને રીઝવવાના દિવસો.

'હા, પાંચ-સાત-નવ દિવસ ગજાનન ગણપતિની પૂજા -અર્ચના - આરતી કરવાની, રાત્રે મનોરંજન કાર્યક્રમો માણવાના ને છેલ્લે દિવસે 'ગણપતિ બાબા મોરિયા, પુર્ચ્યાવર્તી લોકચ્યા..' કહી દેવને પાણીમાં ડૂબાડી દેવાના... એમ જ ને?

'પનુભાઈ, યાર... તમને તો બધી વાતમાં વાંકુ જ દેખાય છે...'

'એમ નહીં પણ અંકલ, ગણપતિ દાદાની જે મૂર્તિને નવ દિવસ પૂજી હોય તેને નદી-તળાવ - દરિયામાં ડૂબાડી દેવાનો શો અર્થ ?'

'તેમ નાસ્તિક છો... એટલે તમને એમાં કંઈ નહીં સમજાય... પણ જે પ્રથા ચાલી આવે છે એમાં કંઈ તથ્ય હશે જ ને.... અને હા, આસો માસ એટલે નવરાત્રિ ઉત્સવનો મહિનો. આદ્યશક્તિ મા અંબા - દુર્ગાની ઉપાસનાનું ટાણું...'

'હં... એમાં ય હવે તો માતાજની ભક્તિ કરનારા અનુષ્ઠાન - ઉપવાસ કરે ને બાકી બીજા માતાજીને નામે રાત્રે ગરબા પાર્ટીઓ કરે.'

'પનુભાઈ, એ બહાનેય માનાં નોરતાં ઉજવાય તો છે ને ! પાર્ટી પ્લોટમાં ગરબા એટલે માતાજીની

અનુસંધાન પાના નં ૭ પર